જમીન અધિગ્રહણ વટહુકમ ત્રીજી વખત લાવવાની તૈયારી

નવીદિલ્હી,તા. ૩૦

કેન્દ્રીય કેબિનેટે ભારે વિવાદ થયો હોવા છતાં વિવાદાસ્પદ જમીન અધિગ્રહણ વટહુકમ ફરી લાવવાની આજે ભલામણ કરી હતી. જમીન અધિગ્રહણ વટહુકમ ત્રીજી વખત જારી કરવામાં આવશે. આ વટહુકમ ગયા વર્ષે ડિસેમ્બરમાં પ્રથમ વખત જારી કરવામાં આવ્યો હતો. ૨૦૧૩ એક્ટમાં સુધારા કરવા માટે ગયા ડિસેમ્બરમાં પ્રથમ વખત લવાયો હતો. લોકસભામાં પસાર કરવામાં આવ્યો હોવા છતાં સંખ્યાના અભાવે સરકાર રાજ્યસભામાં આને લઈને પહોંચી ન હતી. આ વટહુકમ આ વર્ષે માર્ચ મહિનામાં ફરી તૈયાર કરવામાં આવ્યો હતો જેની અવધિને લઈને પણ પ્રશ્નો ઉઠ્યા હતા. કેન્દ્રીય કેબિનેટની ભલામણ મંજુરી માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મોકલવામાં આવશે. ડિસેમ્બર બાદથી બિલ અંગે બે વખત વટહુકમ તૈયાર કરનાર સરકારે કમિટિને સોંપવા માટે તૈયારી દર્શાવી હતી. હાલમાં જ પૂર્ણ થયેલા સંસદના સત્ર દરમિયાન મોદી સરકાર કમિટિને રિફર કરવા માટે સંમત થતાં વિવાદનો અંત આવશે તેવા સંકેત દેખાયા હતા. ગઈકાલે જટીલ જમીન બિલ અંગે સંસદની સંયુક્ત કમિટિની પ્રથમ બેઠક યોજાઈ હતી જેમાં વિરોધ પક્ષના ઘણા સભ્યોએ ૨૦૧૩ જમીન બિલની જોગવાઈને બદલી નાંખવાના સરકારના હેતુ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. બિલની તરફેણમાં સરકારની દલીલો અંગે અસંતોષ વ્યક્ત કરીને સભ્યોએ આ મુદ્દે આંતરપ્રધાન સ્તરનો જવાબ માંગવાની માંગ કરી હતી. બેઠકમાં ગ્રામિણ વિકાસ મંત્રાલય અને કાયદા મંત્રાલયમાં વિભાગે જમીન અધિગ્રહણ બિલ, પુનઃવસવાટ એક્ટમાં સુધારા કરવાના સંદર્ભમાં સભ્યો સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. બંને મંત્રાલયોના અધિકારીઓએ વિરોધ પક્ષના સભ્યો પાસેથી સુધારા અંગે ખુલાસાની રજૂઆત કરી હતી જેમાં કોંગ્રેસ, બીજેડી, ટીએમસી અને ડાબેરીઓનો સમાવેશ થાય છે પરંતુ આ તમામ પક્ષોએ કેટલાક નવા પ્રશ્નો ઉઠાવ્યા હતા. ૨૦૧૩ના કાયદામાં એવી જોગવાઈ હતી કે, જમીન માલિકોની ૮૦ ટકા મંજુરી ખાનગી પ્રોજેક્ટો માટે જરૂરી હતી અને ૭૦ ટકા જમીન માલિકોની મંજુરી પીપીપી પ્રોજેક્ટો માટે રાખવામાં આવી હતી. વર્તમાન બિલમાં કાયદાની આ જોગવાઈમાંથી પાંચ કેટેગરીને મુક્તિ અપાઈ છે.

દેશમાં સિગારેટની દાણચોરી ચાર ગણી વધી છે : અહેવાલ

નવી દિલ્હી,તા. ૩૦

ભારતમાં સિગારેટની દાણચોરી તાજેતરના વર્ષોમાં અનેક ગણી વધી ગઈ છે. હાલમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. રેવેન્યુ ઈન્ટેલિજન્સના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૪ વચ્ચેના ગાળામાં ભારતમાં સિગારેટની દાણચોરી ચાર ગણી વધી ગઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ આંકડાનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે ભારતમા તબાકુના ગેરકાયદે કારોબાર પર બ્રેક મુકવા માટે સરકારે કેટલાક પગલા ચોક્કસપણે લીધા છે. ગેરકાયદે કારોબાર પર એક રિપોર્ટ જારી કરીને કહેવામા આવ્યુ છે કે તબાકુના ગેરકાયદે કારોબાર પર બ્રેક મુકવા માટે કેટલીક નિતી તૈયાર કરવામાં આવી છે. આના કારણે મહેસુલી આવકને નુકસાન થયું છે. ડબલ્યુએચઓ માને છે કે દેશમાં કરવામાં આવતી સિગારેટની દાણચોરી મારફતે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન આયાત ડયુટીથી થનાર કમાણીમાં ૨૩૬૩ કરોડનો ચુનો લાગી ગયો છે. રિપોર્ટ કહે છે કે ભારતમાં દાણચોરી મારફતે પહોંચનાર સિગારેટ, કોરિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, સિગાપોર, ચીન અને સંયુક્ત અરબ અમિરાત મારફતે પહોંચે છે. આ દાણચોરીના કેન્દ્રોમાં દિલ્હી, સિગાપોર અને દુબઈનો સમાવેશ થાય છે.

ભારત ૭.૫ ટકા ગ્રોથ રેટ સાથે ચીનથી આગળ

નવી દિલ્હી,તા. ૩૦

ભારતે માર્ચ ત્રિમાસિક ગાળામાં ૭.૫ ટકા જીડીપી હાંસલ કરીને ચીનને પાછળ છોડી દેવામાં સફળતા મેળવી છે. આની સાથે જ ભારતે વિશ્વના સૌથી ઝડપી વિકસિત અર્થતંત્ર બનવામા સફળતા મેળવી લીધી છે. નાણાપ્રધાન અરૂણ જેટલી હવે કહી શકે છે કે ભારતીય અર્થતંત્ર રિકવરીના માર્ગ પર છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દરનો આંકડો ૬.૬ ટકાથી વધીને ઉંચી સપાટી પર પહોંચ્યો છે. સમગ્ર નાણાંકીય વર્ષ માટે જીડીપી ગ્રોથ ૭.૩ ટકા રહ્યો છે. જે એક વર્ષ અગાઉ ૬.૯ ટકાની આસપાસ હતો. સર્વિસ અને મેન્યુફેકચરિંગ સેક્ટરમાં દેખાવ ખુબ શાનદાર રહ્યો છે. નાણાંપ્રધાન અરૂણ જેટલીએ કહ્યું છે કે ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ ડેટાના કારણે સ્થિતી ખુબ શાનદાર રહી છે. મેન્યુફેકચરિંગ અને સર્વિસના દેખાવથી એવા સંકેત મળે છે કે અમે ૮-૯ ટકાના વિકાસ દર સાથે આગળ વધવાની સ્થિતીમાં છીએ. ૩૧મી માર્ચ ૨૦૧૫ના દિવસે પૂર્ણ થયેલા છેલ્લા નાણાંકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં મેન્યુફેકચરિંગ સેક્ટર ઉત્પાદન રેટ ૮.૪ ટકા રહ્યો છે. સર્વિસ સેક્ટરમાં વેપાર, હોટેલ, પરિવહન અને કોમ્યુનિકેશનનો સમાવેશ થાય છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચોથા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથ રેટ ૭.૫ ટકા રહ્યો છે જે ચીનના ૭.૪ ટકાના ગ્રોથ રેટ કરતા ખુબ સારો રહ્યો છે.

જેટલીએ ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના એવા દાવાને ફગાવી દીધો છે કે ભારતીય અર્થતંત્રની સ્થિતી વધારે સારી રહી નથી. વૈશ્વિક મંદીની સ્થિતીમાં વિશ્વમાં ભારત સૌથી ઝડપથી ઉભરતુ અર્થતંત્ર બને તે ચોક્કસપણે મોટી સિદ્ધી છે. બીજી બાજુ ઈન્ડસ્ટ્રીઝ ચેમ્બર્સ દ્વારા તેની પ્રશંસા કરવામાં આવી છે. જાન્યુઆરી-માર્ચમાં ત્રિમાસિક ગાળા માટે ગ્રોસ વેલ્યુએડેડની દ્રષ્ટિએ નક્કી કરવામાં આવેલો આર્થિક વિકાસદર સુધર્યો છે. એક વર્ષ અગાઉ આ દર ૫.૩ ટકા હતો જેની સામે હવે ૬.૧ ટકા થયો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગ્રોથ રેટ છેલ્લા નાણાંકીય વર્ષમાં છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૮.૪ ટકા રહ્યો હતો જે એક વર્ષ અગાઉની સરખામણીમાં ૪.૪ ટકા જ વધારે રહ્યો છે. સર્વિસ સેક્ટરમાં પણ સુધારો થયો છે. જો કે, માઈનિંગ અને સંબંધિત સેક્ટરમાં સ્થિતિ નિરાશાજનક રહી છે.

નીતિશ અને લાલૂ વચ્ચે હજુ ખેંચતાણ યથાવત

પટણા,તા. ૩૦

બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક આવી છે ત્યારે મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડી પ્રમુખ લાલૂ પ્રસાદ યાદવ વચ્ચે ફરી વિખવાદની સ્થિતિ સર્જાઈ ગઈ હોવાના સંકેત મળી રહ્યા છે. આજે એક કાર્યક્રમમાં બંને એક મંચ ઉપર આવનાર હતા પરંતુ નીતિશકુમારે છેલ્લી ઘડીએ આ કાર્યક્રમને રદ કરી દેવાની જાહેરાત કરતા નવી ચર્ચા શરૂ થઈ છે. એવી અટકળોને વેગ મળ્યો છે કે, જેડીયુ અને આરજેડી વચ્ચે હજુ પણ ખેંચતાણની સ્થિતિ રહેલી છે. જેડીયુના પ્રમુખ શરદ યાદવ અને અન્ય નેતાઓની સાથે બંને આજે એક કાર્યક્રમના ભાગરુપે ઉપસ્થિત રહેનાર હતા પરંતુ આ બાબત શક્ય બની ન હતી. બિહારની ચૂંટણી એક સાથે મળીને લડવાની યોજના આ બંને તૈયાર કરી ચુક્યા છે. નીતિશકુમાર મહારેલીનું ઉદ્ઘાટન કરવા પહોંચનાર હતા પરંતુ નીતિશે છેલ્લી ઘડીએ જાહેરાત કરી હતી કે, તેમનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. નીતિશકુમારે આ સંદર્ભમાં કહ્યું હતું કે, તેઓ આંખના ઓપરેશનના કારણે આ કાર્યક્રમને રદ કરી રહ્યા છે. આ કાર્યક્રમમાં લાલૂ પ્રયાદ યાદવની સાથે તેઓ ઉપસ્થિત રહેનાર હતા.

ફ્રેન્ચ ઓપન : ફેડરર અને વાવરિન્કા અંતિમ ૧૬માં

પેરિસ,તા. ૩૦

વર્ષની બીજી ગ્રાન્ડ સ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. સ્વીસ સ્ટાર રોજર ફેડરર અને સ્ટાન વાવરિન્કા બન્ને પોત પોતાની મેચો જીતીને આગામી રાઉન્ડમાં કુચ કરી ગયા છે. ફેડર અને વાવરિન્કા બન્ને અંતિમ ૧૬માં પ્રવેશી જતા ફેડરરના ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે. બીજા ક્રમાંકિત ફેડરરે વર્ષ ૨૦૦૯માં એકમાત્ર વખત અહીં ચેમ્પિયન બનવામાં સફળતા મેળવી હતી. તે ચોથા રાઉન્ડમાં પહોંચી ગયો છે. તે સતત ૧૧માં વર્ષે ચોથા રાઉન્ડમાં પ્રવેશ કરી ગયો છે. બોસ્નિયાના હરિફ ખેલાડી ડામીર પર ફેડરરે સીધા સેટોમાં ૬-૪, ૬-૩ અને ૬-૨થી જીત મેળવી હતી. તે હવે વધુ શક્તિશાળી ખેલાડી સામે મેદાનમા આવી શકે છે. દરમિયાન ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન વાવરિન્કા અમેરિકાના સ્ટીવ જોન્સનને હાર આપીને આગામી રાઉન્ડમાં કુચ કરી ગયો છે. જ્યારે સિમોનને નિકોલસ માહુત સામે જોરદાર ફાટિ કરવાની ફરજ પડી હતી.

વર્ષની બીજી ગ્રાન્ડ સ્લેમમાં હાલ પુરૂષોના વર્ગમાં નોવાક જોકોવિક , રોજર ફેડરર અને રાફેલ નડાલ હોટ ફેવરીટ દેખાઈ રહ્યા છે. આ તમામ ત્રણેય ખેલાડીઓમાંથી કોઈ એક ખેલાડી વિજેતા બનશે તેમ માનવામાં આવે છે. જો કે મહિલા વર્ગમાં વર્તમાન ચેમ્પિયન રશિયાની ગ્લેમર ગર્લ મારિયા શારાપોવા અને સરેના વચ્ચે સીધા સ્પર્ધા દેખાઈ રહી છે. વિમ્બલ્ડન ચેમ્પિયન પેટ્રા ક્વિટોવા પણ અંતિમ ૧૬માં પહોંચી ગઈ છે. પોતાની હરીફ ખેલાડી ઉપર સીધા સેટોમાં જીત મેળવીને તે આગેકૂચ કરી ગઈ હતી. ચેકગણરાજ્યની આ ખેલાડીએ રોમાનિયન બેબુ ઉપર સીધા સેટોમાં ૬-૩, ૬-૨થી જીત મેળવી હતી.

એસી ક્લાસના ભાડામાં જૂનથી ૦.૫ ટકા વધારો

નવીદિલ્હી,તા. ૩૦

નૂરના દર ઉપરાંત પેસેન્જર ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસ અને એસી ક્લાસ માટેના ભાડામાં પહેલી જૂનથી ૦.૫ ટકાનો વધારો કરવામાં આવનાર છે. કારણ કે, નવા સર્વિસ ટેક્સ પહેલી જૂનથી અમલી બનનાર છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, હાલમાં એસી ક્લાસ, ફર્સ્ટક્લાસ અને નૂર માટે ૩.૭૦૮ ટકા સર્વિસ ટેક્સ લેવામાં આવે છે. ટ્રેન ભાડા ઉપર આ સર્વિસ ટેક્સ લાગૂ પડે છે જે હવે જૂનથી વધીને ૪.૨ ટકા થઈ જશે. આનો મતલબ એ થયો કે, ૦.૫ ટકાનો વધારો રહેશે. જો એસીનું ભાડુ ૧૦૦૦ રૂપિયા છે તો સામાન્ય ટ્રેન યાત્રીને હવે ૧૦ રૂપિયા વધારે ચુકવવા પડશે. સર્વિસ ટેક્સમાં આ વધારો પહેલી જૂનના દિવસે અથવા તો ત્યારબાદ ખરીદવામાં આવેલી ટિકિટ ઉપર લાગૂ થશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પેસેન્જર ભાડામાં આ વધારો એસી અને ફર્સ્ટ ક્લાસ ઉપર જ લાગૂ પડશે. સર્વિસ ટેક્સ રેલવે દ્વારા પરિવહનથી લવાતી તમામ ચીજવસ્તુઓ ઉપર લાગૂ થશે. અધિકારીઓનું કહેવું છેકે, આ વધારો નજીવો છે પરંતુ સામાન્ય બજેટની દરખાસ્ત મુજબ આ વધારો કરવામાં આવી રહ્યો છે. સર્વિસ ટેક્સમાં વધારો કરવામાં આવ્યા બાદ ટ્રેનના યાત્રીઓને વધારે નાણા ચુકવવાની ફરજ પડશે. કારણ કે, સર્વિસ ટેક્સના હિસાબે સીધીરીતે યાત્રી ભાડામાં વધારો થશે. એસી ક્લાસ અને ફર્સ્ટ ક્લાસના ભાડામાં વધારાને લઈને સામાન્ય પ્રવાસીઓ વાંધો ઉઠાવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. સર્વિસ ટેક્સ લાગૂ થયા બાદ પેસેન્જર ટ્રેનોમાં ફર્સ્ટ ક્લાસ અને એસી ક્લાસમાં મુસાફરી કરતા લોકોને ટ્રેન યાત્રા વધારે મોંઘી સાબિત થશે. રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ફેબ્રુઆરી મહિનામાં બજેટ રજૂ કરતી વેળા આ દરખાસ્તો મુકી હતી.

જેકલીન્ને લઈને મિલાન ફિલ્મ બનાવવા માટે ખુબ ઈચ્છુક છે

મુંબઈ,તા. ૩૦

નિર્દેશક મિલાન લુથારિયાની ફિલ્મ વન્સ અપન એ ટાઈમ ઈન મુંબઈ અને ડર્ટી પિક્ચર જેવી ફિલ્મોનુ નિર્દેશન કરનાર મિલાન લુથારિયા હવે જેકલીનને લઈને ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક છે. જેક્લીન હાલમાં વ્યસ્ત અભિનેત્રી બની ગઈ છે.કારણ કે તેની છેલ્લી ફિલ્મો રોય અને કિક બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. આ કિકમાં તેની સાથે સલમાન ખાને મુખ્ય ભૂમિકા અદા કરી હતી. હવે જેક્લીન બાકી રહેલી તેની ફિલ્મોને પૂર્ણ કરવામાં લાગેલી છે. મિલાન લુથારિયાએ કહ્યુ છે કે તેઓ જેકલીનને લઈને ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક છે. સાજિદખાનની ફિલ્મ કિકમાં જેકલીનની ભૂમિકાથી મિલાન લુથારિયા ભારે પ્રભાવિત થયા હતા. જેકલીને વર્ષ ૨૦૦૯માં સુજોય ઘોષની ફિલ્મ અલાદીન સાથે બોલિવુડમાં પ્રવેશી હતી. ત્યારબાદથી તેની ફિલ્મો સરેરાશ દેખાવ કરી રહી હતી જો કે સલમાન ખાન સાથેની તેની કિક ફિલ્મથી તે લોકપ્રિયતાની ચરમસીમાં પર પહોંચ ગઈ છે હવે તેની ગણતરી ટોપની અભિનેત્રીઓમાં કરવામાં આવી રહી છે. કિક ફિલ્મના શુટિંગ દરમિયાન મિલાન લુથારિયાએ ફિલ્મ બનાવવા માટેની જાહેરાત કરી હતી. જો કે પ્રોજેક્ટ હાથ ન ધરાતા તર્ક વિતર્કનો દોર રહ્યો હતો. ૨૯ વર્ષીય અભિનેત્રી જેકલીન છેલ્લે રોય ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મમાં પણ તેની સાથે યુવા પેઢીના સૌથી લોકપ્રિય સ્ટાર રણબીર કપુરની ભૂમિકા હતી. જેકલીન હાલ અન્ય ફિલ્મો વહેલી તકે સાઈન કરી રહી નથી. તે મોટી ભૂમિકા કરવા ઈચ્છુક છે. જેક્લીને વિતેલા વર્ષોમાં આઈટમ સોંગ પણ કરેલા છે. જેમાં રેસનો સમાવેશ થાય છે. શરૂઆતમાં તે ફલોપ રહી હતી પરંતુ હવે તે સફળ અભિનેત્રી તરીકે ઉભરીને બહાર આવી છે. તેની બોલબાલા સતત વધી રહી છે. તે નવા અને સ્ટાર કલાકારો સાથે નજરે પડી રહી છે.

દક્ષિણ-પશ્ચિમ મોનસુન ટૂંકમાં કેરળમાં પહોંચશે

નવીદિલ્હી,તા. ૩૦

દેશભરમાં કાળઝાળ ગરમી અને હિટવેવના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન આગામી સપ્તાહ કેરળ પહોંચે તેવા સંકેત હવે દેખાઈ રહ્યા છે. આ ઘટનાક્રમને સમર્થન આપતા એમઈટી વિભાગના ડિરેક્ટર સુદેવને આજે કહ્યું હતું કે, મોનસુન ત્રીજી જૂન પહેલા કેરળમાં પહોંચે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઉત્તર પશ્ચિમની દિશામાંથી તીવ્ર પવન કેરળના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યા છે અને તેની ગતિ ૪૫-૫૦ કિલોમીટર પ્રતિ કલાકની છે. આગામી ૨૪ કલાકમાં લક્ષ્યદ્વીપમાં પહોંચે તેવા સંકેત છે. અધિકારીઓનું કહેવું છે કે, તીવ્ર પવનના પરિણામ સ્વરુપે દરિયામાં ન જવા માછીમારોને ચેતવણી અપાઈ છે. દરમિયાન તમિળનાડુ, પોંડીચેરી, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટકના આંતરિક



ભાગોમાં કેટલીક જગ્યાઓએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. કેરળ અને આંધ્રમાં પણ વરસાદી ઝાપટાની શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુતીવ્ર ગરમી અને હિટવેવના કારણે મોતનો આંકડો આજે વધીને ૨૦૦૫ સુધી પહોંચી ગયો હતો. ઝારખંડમાં પલામુ ખાતે પારો ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં મોતનો આંકડો ૧૯૭૯ સુધી પહોંચી ગયો છે. આ બંને રાજ્યોમાં ગઈકાલ બાદથી ૨૦૫ લોકોના મોત થયા છે જે પૈકી આંધ્રમાં ૧૫૬ અને તેલંગાણામાં ૪૯ના મોતનો સમાવેશ થાય છે. ઓરિસ્સામાં વધુ ૧૭ લોકોના મોત થતાં અહીં પણ મૃતાંક અતિ ઝડપથી વધ્યો છે. ઉત્તર પ્રદેશના ઘણા ભાગોમાં પારો ૪૭ના આંકડાને પાર કરી ગયો છે. અલ્હાબાદમાં ૪૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. બીજી બાજુ રાજસ્થાનના કોટામાં સૌથી વધારે ગરમી નોંધાઈ છે. બિકાનેર, જયપુર, અજમેર, ઉદયપુરમાં હિટવેવની સ્થિતિ જોવા મળી રહી છે. તમામ જગ્યાઓએ પારો ૪૫થી ઉપર પહોંચ્યો છે. હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્રમાં પણ આવી જ સ્થિતિ સર્જાયેલી છે. બંગાળમાં પણ લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે. તમામ લોકો હવે દક્ષિણ પશ્ચિમ મોનસુનની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે જે આગામી સપ્તાહમાં કેરળ પહોંચે તેવા સંકેત છે.

જાસૂસી કેસ : કેજરીવાલ આવાસની બહાર દેખાવ

નવીદિલ્હી,તા. ૩૦

અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી સરકાર તેની ભ્રષ્ટાચાર વિરોધી શાખા માટે જાસૂસી સાધનો ખરીદવાની યોજના ધરાવે છે તેવા મિડિયા અહેવાલ બાદ ભાજપના કાર્યકરોએ આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના આવાસની બહાર જોરદાર દેખાવો કર્યા હતા. અખબારી અહેવાલમાં દાવો કરાયો હતો કે, એએપી સરકારે એસીબી માટે જાસુસી હથિયારોની ખરીદી કરવા માટે કેબિનેટ નોટ તૈયાર કરી લીધી છે. અધિકારીઓનું કહેવું છે કે, ભ્રષ્ટાચારના કેસ યોગ્ય રીતે હાથ ધરવામાં આવે તે ખુબ જરૂરી છે. બીજી બાજુ ભાજપના કાર્યકરો આજે નાખુશ દેખાયા હતા. દિલ્હી ભાજપના પ્રમુખ સતીષ ઉપાધ્યાયના નેતૃત્વમાં ભાજપના કાર્યકરોએ જોરદાર દેખાવો કર્યા હતા અને આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, એએપી સરકાર લોકોની ગુપ્તતામાં અતિક્રમણ કરવાની યોજના ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેજરીવાલ સરકાર જાસૂસીના સાધનો ખરીદવા ઈચ્છુક છે તેની પાછળના હેતુ સારા દેખાઈ રહ્યા નથી. કેજરીવાલ સરકાર સામે ભાજપના આંદોલન દરમિયાન એક દેખાવકારને ઈજા થઈ હતી. હાલમાં દિલ્હીમાં લેફટી ગવર્નર અને મુખ્યમંત્રી કેજરીવાલ વચ્ચે અધિકારીઓની બદલી અને ટ્રાન્સફરના મુદ્દે જોરદાર ખેંચતાણ ચાલી રહી છે અને મામલો કોર્ટમાં પહોંચ્યો છે.

રાહુલ ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જોરદાર જવાબ

શૂટકેસ કરતા શૂટ બૂટ વધારે સ્વીકાર્ય : મોદીની સાફ વાત

નવી દિલ્હી,તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, આશરે છ દશક સુધી દેશ પર શાસન કર્યા બાદ કોંગ્રેસ પાર્ટીને હવે એકાએક ગરીબ લોકોની યાદ આવી ગઈ છે. એક અગ્રણી સમાચાર સંસ્થાને આપેલા ઈન્ટરવ્યુમાં મોદીએ કહ્યું હતું કે, શૂટ બુટ કી સરકાર શૂટકેસની સરકાર કરતા વધારે સ્વીકાર્ય છે. ૬૦ વર્ષના લાંબા ગાળા બાદ કોંગ્રેસ પાર્ટીને એકાએક ગરીબ લોકો યાદ આવવા લાગી ગયા છે. સરકાર માટે વારંવાર શૂટ બૂટ કી સરકાર જેવા શબ્દોનો ઉપયોગ કરનાર રાહુલ ગાંધીની જોરદાર ઝાટકણી કાઢતા મોદીએ કહ્યુંહતુંકે, શૂટ બૂટ કી સરકાર શૂટકેસ કરતા વધુ યોગ્ય છે. તેમણે એમ પણ કહ્યું હતું કે દેશના લોકોને ભારે પીડા અગાઉના શાસન દરમિયાન થઈ હતી. કોંગ્રેસની સંકુચિત નીતિઓના પરિણામ સ્વરુપે ગરીબ લોકો ગરીબ રહી ગયા છે. કોંગ્રેસની નીતિઓના પરિણામે અને તેના ૬૦ વર્ષના શાસનના પરિણામ સ્વરુપે ગરીબી હજુ પણ મોટા પડકાર તરીકે છે. તેમની સરકાર ઉદ્યોગલક્ષી છે અને ગરીબ વિરોધી છે તેવા કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૬૦ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી. જો તેઓ ગરીબલક્ષી હતા તો ભારતમાં હજુ પણ ગરીબી કેમ પ્રવર્તી રહી છે. કોંગ્રેસના લોકો પાસે આવા પ્રશ્નોના જવાબ નથી. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડ અને કોલસા બ્લોક ફાળવણી કૌભાંડના પરિણામ સ્વરુપે સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો.

આ કૌભાંડોથી દેશની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થયું હતું. કોલસા અને સ્પેક્ટ્રમ જેવા ખુબ જ કિંમતી કુદરતી સંસાધનો તેમના ફેવરિટ ઉદ્યોગપતિઓને જે લોકો આપી રહ્યા હતા તે લોકોને આ પ્રકારની વાત કરવાનો કોઈપણ અધિકાર નથી. યુપીએના શાસન દરમિયાન એક પછી એક કૌભાંડો સપાટી ઉપર આવ્યા હતા અને દરરોજ અખબારોમાં કૌભાંડોના સમાચાર પ્રકાશિત થઈ રહ્યા હતા. હવે સ્થિતિ બદલાઈ ચુકી છે અને છેલ્લા એક વર્ષમાં ભ્રષ્ટાચાર જેવા શબ્દો સાંભળવા મળ્યા નથી. યોગ્ય શાસન આપવામાં આવી રહ્યું છે. અસરકારક નીતિઓ અમલી બનાવવામાં આવી છે જેના લીધે આર્થિક વિકાસની ગતિ ઝડપી બની રહી છે. વિશ્વના સૌથી ઝડપી ઉભરતા અર્થતંત્ર તરીકે ભારત આવી ગયું છે.

સિસોદિયા, ભૂષણને પણ રાહત

વિરોધ કેસ : કેજરીવાલને અંગત હાજરીમાંથી મુક્તિ

નવીદિલ્હી,તા. ૩૦

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં દિલ્હીની અદાલતે ડિસેમ્બર ૨૦૧૨માં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતના આવાસની બહાર દેખાવ સાથે સંબંધિત એક કેસમાં અંગત હાજરીમાંથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે મુક્તિ આપી દીધી હતી. કેજરીવાલ ઉપરાંત આમ આદમી પાર્ટીના અન્ય નેતાઓને પણ અંગત હાજરીમાંથી મુક્તિ આપવામાં આવી હતી. મેટ્રો પોલિટન મેજિસ્ટ્રેટ ધીરજ મિત્તલે કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા, જાણિતા વકીલ પ્રશાંત ભૂષણ અને અન્ય નેતાઓને અંગત હાજરીમાંથી મુક્તિ આપી હતી. આ તમામ દ્વારા કોર્ટમાં અંગત હાજરીમાંથી મુક્તિની માંગ કરવામાં આવી હતી. કેજરીવાલના વકીલ ઋષિકેશકુમાર અને નેહા રસ્તોગીએ કોર્ટમાં કહ્યું હતું કે, તેઓ તેમની રાજકીય કટિબદ્ધતાઓના કારણે કોર્ટમાં ઉપસ્થિત રહે તેવી સ્થિતિમાં નથી.

કોર્ટે સમગ્ર મામલામાં વધુ સુનાવણી ૧૯મી સપ્ટેમ્બર સુધી મોકૂફ કરી હતી. અત્રે નોંધનીય છે કે, ડિસેમ્બર ૨૦૧૨માં કેજરીવાલ અને અન્યો સામે દિલ્હી પોલીસે શિલા દિક્ષીતના આવાસની બહાર હિંસક પ્રદર્શન બદલ ચાર્જશીટ દાખલ કરી હતી. આ લોકોએ પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કર્યો હતો.

સશસ્ત્ર દળોમાં મહિલાને યુદ્ધ ભૂમિકા સોંપવા સાફ ઈનકાર

પુણે,તા. ૩૦

સંરક્ષણ પ્રધાન મનોહર પારીકરે સશસ્ત્ર દળોમાં લડાયક ઓપરેશન માટે મહિલાઓની ભરતી કરવાનો આજે સાફ ઈન્કાર કર્યો હતો. સશસ્ત્ર દળોમાં મહિલાઓ માટે લડાયક અથવા યુદ્ધની ભૂમિકા રાખવામાં આવશે નહીં. તેમની સુરક્ષાને લઈને દહેશતના લીધે આ નિર્ણય લેવાયો છે. જો કે, પારીકરે કહ્યું હતું કે, તેઓ અન્ય ઓપરેશનલ ક્ષેત્રોમાં મહિલાઓને પ્રોત્સાહન આપશે. તેમને તબક્કાવારરીતે અન્ય ઓપરેશનમાં સામેલ કરવામાં આવશે. પારીકરે કહ્યુંહતુંકે, જો લડાયક ઓપરેશનમાં મહિલાઓ જવાબદારી સ્વીકારે તે બાબત યોગ્ય દેખાતી નથી. દુશ્મનોના દળો દ્વારા જો બાનમાં પકડી લેવામાં આવે તો આવી સ્થિતિમાં સંબંધિત અત્યાચારની દહેશત રહેલી છે. આજ કારણસર મહિલાઓને સશસ્ત્ર દળોમાં આ પ્રકારની ભૂમિકા સોંપવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, યુદ્ધ ભૂમિકા સિવાય મહિલાઓને ફોર્સના અન્ય ઓપરેશન ક્ષેત્રોમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવશે. નેશનલ ડિફેન્સ એકેડેમીની પાસિંગ આઉટ પરેડના કાર્યક્રમના ભાગરુપે પત્રકારો સાથે વાતચીત કરતા મનોહર પારીકરે કહ્યું હતું કે, મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે સરકાર કટિબદ્ધ છે. ફોર્સમાં અધિકારીઓની અછત અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, આ અંતરને દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. હાલમાં અંતર ૧૧૦૦૦ની સામે ૭૦૦૦ની આસપાસ છે. એકેડેમીમાં સીધા પ્રવેશની પણ તેઓએ વાત કરી હતી. કેમ્પસમાં આવી પહોંચ્યા બાદ પારીકરે પાસિંગ આઉટ પરેડની સમીક્ષા કરી હતી. સાથે સાથે તમામ બાબતોને ગંભીરતાપૂર્વક નિહાળી હતી. કેડેટ એકે સિંહાને રાષ્ટ્રપતિ ચંદ્રક પણ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કેડેટ નિશાંત ફિલીપ અને આરએસ બીસપને પણ સિલ્વર અને બ્